# માનવતાના મલકમાં ઉરનો અવસર



## વિઝન વગરના વિઝનરી લાભુભાઈ સોનાણીએ યોજયો પ્રજ્ઞાચક્ષુઓનો લગ્ન મહોત્સવ

પેજ નંબર પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

અંક નં. 147/513 | 15 માર્ચ, 2025
Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27 | Monthly Date Of Publication : 15 March 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 28

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



પ્રિન્સેસ શ્રી બ્રિજેશ્વરી દેવીનું સ્વાગત



માતાની પછેડી કલાની પ્રસ્તુતિ



વૉલીબૉલ ટુર્નામેન્ટમાં વિદ્યાર્થીઓ



'મૌન થનગનાટ'માં ઉપસ્થિત મહાનુભાવો



વાઈબ્રન્ટ ભાવનગર વિઝન ૨૦૩૦ની મુલાકાતે




સાયલો ઓલમ્પિયાડ-૨૦૨૫માંશાળાના વિદ્યાર્થીઓ

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...


| | | |
|---|---|---|
| 01. | બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર | 02 |
| 02. | Index | 03 |
| 03. | હેલ્થી એજિંગ સેન્ટરનો ૧૦૦૦ વયસ્કોએ લીધો લાભ | 04 |
| 04. | માનવતાના મલકમાં ઉરનો અવસર | 05 |
| 05. | નટરાજ સી.પી. સ્કૂલ | 06 |
| 06. | D.Se. M. D. | 07 |
| 07. | કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ | 08 |
| 08. | દિશા કમ વિકાસ પ્રોજેક્ટ | 09 |
| 09. | PNR હોસ્પિટલ | 10 |
| 10. | પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર | 11 |
| 11. | અંબા સી.પી. હોસ્ટેલ | 11 |
| 12. | શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ | 12 |
| 13. | શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | 17 |
| 14. | પી.આર.વી. વર્કશોપ | 19 |
| 15. | શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય | 20 |
| 16. | શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય | 20 |
| 17. | શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ | 21 |
| 18. | શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ | 22 |
| 19. | ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા | 24 |
| 20. | લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ | 24 |
| 21. | દાતાઓની યાદી | 25 |
| 22. | PNR તસ્વીર સમાચાર | 27 |


# અંતરિક્ષ યાત્રાએ જશે દિવ્યાંગ વ્યકિત

‘પંગુ લંઘયતે ગિરિમ !’ ઈશ્વર કૃપાથી દિવ્યાંગ વ્યકિત પર્વત પાર કરી શકતો એ વાત હવે જુની થશે. હાલમાં જ સમાચાર આવ્યાં છે કે પૂર્વ બ્રિટીશ પેરાલિમ્પિયન જોન મેકફોલની જરૂરી ટેસ્ટ પાસ કર્યા પછી આંતર રાષ્ટ્રિય અંતરિક્ષ સ્ટેશન પર જવા પસંદગી કરાય છે, જે અંતરિક્ષમાં જનાર પ્રથમ દિવ્યાંગ બનશે.

નાની ઉંમરે અકસ્માતમાં પગ ગુમાવનાર જોન મેકફોલે ઈંગ્લેન્ડના પ્રતિનિધિ તરીકે પેરાલિમ્પકની આંતરરાષ્ટ્રિય સ્પર્ધામાં સ્પ્રિન્ટર તરીકે ભાગ લઈ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ પ્રાપ્ત કર્યા છે. વ્યવસાયે ઓર્થોપેડિક સર્જન એવા જોન મેકફોલની હિંમત, સાહસ, સાધના અને સિધ્ધિઓ આપણા અન્ય દિવ્યાંગો માટે પ્રેરણારૂપ છે.

આવું જ એક, શિક્ષણના ક્ષેત્રમાંથી પ્રેરણાદાયી ઉદાહરણ રાજસ્થાનના દૌસા જિલ્લાના ખેડુત પુત્ર દિવ્યાંગ રવિ મીણાનું આવ્યું છે. રવિ બંને પગે દિવ્યાંગ હોવાથી એ ટ્રાયસિકલથી શાળાએ જતો અને શાળાના સમય પછી ૬ થી ૮ કલાક સુધી નિયમિત અભ્યાસ કર્યા પછી, રાજસ્થાન માધ્યમિક બોર્ડ પરીક્ષામાં, દરેક વિષયમાં ૧૦૦ ગુણ મેળવી ૧૦૦ ટકા પરિણામ લાવ્યો હતો.

આમ દરેક ક્ષેત્રમાં સમધારણ વ્યકિતની જેમ જ દિવ્યાંગો સફળતાના શિખરો સર કરી રહયાં છે, ત્યારે સ્વાભાવિક રીતે આ ક્ષેત્રમાં કાર્યરત આપણે સૌ ગૌરવની લાગણી અનુભવીએ અને આપણી સંસ્થાના દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરીએ.

- કિરીટ રાઠોડ

**‘Mediocrity knows nothing higher than itself, but talent instantly recognises genious.’**

**- Sir Arthur Conan Doyle**


**Koshish Thi Kamyabi**
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/ BVR-414/2025-27, Monthly

- **અંક નં.147/514**
  15 માર્ચ, 2025
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
  51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
  ફોન : (0278) 2429326, 2420836
  મો. 9499661694 / 9499557977
  **E-mail : info@pnrsocity.org**
  **klinstitute.deaf@gmail.com**
  **Visit us : www.pnrsocity.org**
  **www.klinstitutedeaf.org**

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહ તંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
  **ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- ‘કોશિશ થી કામિયાબી’ લવાજમ
  **આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- ચેક “શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર”ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનિંગ
  **સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A-4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | : | રૂ.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર | : | રૂ.1,500 |

# પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ

✍ યશ મહેતા



BKPPDMDS મુંબઈના સહયોગથી વર્ષ ૨૦૧૩થી પી.એન.આર. સોસાયટી દ્વારા ''પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ'' પી.એન.આર. હોસ્પિટલમાં ચાલી રહ્યું છે. જેમાં દર રવિવારે પાર્કિન્સન્સ દર્દીઓના જીવનને બહેતર બનાવવા અનેકવિધ થેરાપીઓ અને કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં શ્રી ભાવિનભાઈ માંડવિયાના આયોજન માર્ગદર્શન નીચે સ્થાનિક ફિઝીયો-ઓકયુપેશન થેરાપીસ્ટો દ્વારા ગ્રુપમાં વિવિધ થેરાપીઓ કરાવાય છે. જેના ખૂબ સારા પરિણામો આવી રહ્યાં છે.

આ પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપના સભ્યો માટે તા. ૨૨-૧૨ ના રોજ બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા અને ઓક્સિજન સ્તર તપાસવામાં આવ્યાં હતાં. આરોગ્ય જાળવવા માટે, ખાસ કરીને પાર્કિન્સન્સ રોગ ધરાવતી વ્યક્તિઓ માટે, નિયમિત આરોગ્ય મૂલ્યાંકન મહત્વનું છે, એ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર માસમાં સેન્ટરનો ૧૫૮ થી વધુ વયસ્કોએ લાભ લીધો હતો.

## ડો. દેવાંશુ દેસાઈ દ્વારા પાર્કિન્સન્સ રોગમાં માનસિક સ્વાસ્થ્યની સંભાળ પર વાર્તાલાપ



તા. ૨૯-૧૨ ના રોજ માનસિક વિચાર-વર્તન તજજ્ઞ ડો. દેવાંશુ દેસાઈ દ્વારા વિશેષ સત્રમાં રોગની સારવારમાં માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે વ્યવહારુ તકનીકો શેર કરી હતી. સત્ર દરમિયાન, તેમણે શારીરિક સંભાળની સાથે, તેમના માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે સુધારવું ? તે અંગે વ્યવહારું માર્ગદર્શન પણ આપ્યું હતું. પાર્કિન્સન્સ રોગની જાગૃતિ લાવવા માટે આ સેમિનાર એક મૂલ્યવાન પગલું હતું. આ વિશેષ સત્રમાં ૫૦થી વધુ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાર્કિન્સન્સ દર્દીઓ માટે આંખની તપાસનો કેમ્પ

BKPPDMDS અને PNR સોસાયટીના સંયુક્ત ઉપક્રમે 26મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન નિમિત્તે પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રૂપ, ભાવનગર માટે વિનામૂલ્યે આંખની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં 60થી વધુ દર્દીને તપાસવામાં આવ્યાં હતાં, આ કેમ્પમાં ડૉ. પાયલબેન અરોરાએ સેવા આપી હતી તથા આર્ટ થેરાપીની પ્રવૃત્તિઓ દ્વારા ભાવનગર પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રૂપે ઉજવણી કરી હતી.

આ પ્રસંગે પી.એન.આર હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા તથા શ્રી નિલેશભાઈ ચલાળિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

## હેલ્ધી એજિંગ સેન્ટરનો 1000 વયસ્કોએ લીધો લાભ

**૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩થી શરૂ થયેલ આ સેન્ટર તંદુરસ્ત અને ખુશહાલ વૃધ્ધત્વની દિશામાં કરી રહ્યું છે કાર્ય.**



વય તે માત્ર આંકડો છે તેવું કહી શકાય. મનથી તમે હર હંમેશ જવાન રહી શકો, પરંતુ શરીરમાં રાસાયણિક, ભૌતિક અને જૈવિક પ્રક્રિયાને કારણે થતી અસરને નકારી ન શકાય. વધતી ઉંમરને કારણે આવતા પડકારોને સહજ રીતે ઝીલી સુખમય અને તંદુરસ્ત જીવન જીવી શકાય તે માટે સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રોજેક્ટ ચાલી રહ્યાં છે. ભાવનગરમાં BKPPDMDS અને પી.એન.આર. સોસાયટીનો **હેલ્ધી એજિંગ પ્રોજેક્ટ** પણ આ જ છે. ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૩થી આ હેલ્ધી એજિંગ પ્રોગ્રામનો પ્રારંભ કરાયો છે અને જેનો અત્યાર સુધીમાં ૧૦૦૦ વયસ્કોએ લાભ લીધો છે.

સેન્ટરના સંચાલક ભાવિન માંડવિયા જણાવે છે કે, ''બી.કે. પારેખ પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસઓર્ડર સોસાયટી, મુંબઈ તથા પી.એન.આર. સોસાયટીના સંયુકત ઉપક્રમે આ સેન્ટરમાં દર ગુરૂવારે, સાંજે ૫ થી ૬ દરમિયાન ૫૦થી વધુ વયના લોકો માટે ફિઝીયોથેરાપી, ડાન્સ એન્ડ મુવમેન્ટ થેરાપી, આર્ટ થેરાપી, મેન્ટલ હેલ્થ, કાઉન્સિલિંગ વિગેરે સેશન્સના આયોજન કરવામાં આવે છે. વર્ષ દરમિયાન વિવિધ તહેવારોની ઉજવણી પણ સેન્ટર પર કરવામાં આવી છે. ૫૦ વર્ષથી વધુ વયના લોકો માટે આ વિશેષ પ્રોગ્રામ ડિઝાઈન કરાયો છે અને આ તમામ પ્રવૃત્તિ વિનામૂલ્યે છે. ભાવનગર ઉપરાંત મહુવામાં પણ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે, દર બીજા અને ચોથા શનિવારે સાંજે આ પ્રોજેકટ ચાલે છે.''

પ્રોજેકટ કો-ઓર્ડિનેટર શ્રી યશ મહેતાએ જણાવ્યું કે, ''વિવિધ રમતો, એકસરસાઈઝ ઉપરાંત વધતી ઉંમર સાથે થતા રોગો અંગે માહિતી પણ સેન્ટર પર આપવામાં આવે છે. હેલ્ધી એજિંગ ઉપરાંત પી.એન.આર. હોસ્પિટલ ખાતેના સેન્ટર પર દર રવિવવારે સવારે ૧૦:૩૦ થી પાર્કિન્સન્સના દર્દીઓ માટે વિનામૂલ્યે ગ્રુપ થેરાપીનો પ્રોગ્રામ ચાલે છે.''

માત્ર દિવ્યાંગો માટે જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો, વૃધ્ધજનો માટે પણ કાર્યરત પી.એન.આર. સોસાયટીના હેલ્ધી એજિંગ અને પાર્કિન્સન્સ સેન્ટરમાં જોડાવા માટે મોબાઈલ નંબર : ૮૮૬૬૨૨૯૯૨૧ અને ૯૭૨૬૯૫૦૯૦૯ પર અથવા નિયત સમયે સેન્ટર પર રૂબરૂ સંપર્ક કરી શકાય છે.

# માનવતાના મલકમાં ઉરનો અવસર

## વિઝન વગરના વિઝનરી લાભુભાઈ સોનાણીએ યોજ્યો પ્રજ્ઞાચક્ષુઓનો લગ્ન મહોત્સવ



દીકરી માટે લગ્ન તે એક સોનેરી સ્વપ્ન હોય છે. દીકરી અંધ હોય તો પણ તેનું સ્વપ્ન એટલું જ રંગીન હોય છે, જેટલું સામાન્ય દીકરીઓને હોય. આવી પાંચ દીકરીઓને ત્રણ દિવસના લગ્નોત્સવ સાથે ધામધૂમથી સાસરે વળાવવાનો એક ભવ્ય કાર્યક્રમ કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાઈ ગયો. સામાજિક સંસ્થાઓ અને અગ્રણીઓ દ્વારા દિવ્યાંગોના સમૂહ લગ્ન તો થતા જ હોય છે પરંતુ તારીખ ૨૧ થી ૩૦ જાન્યુઆરી ભાવનગર ખાતે આ પ્રજ્ઞાચક્ષુ લગ્ન મહોત્સવ તેનાથી કંઈક વિશેષ હતો. માનવતાના મલકમાં ઉરનો અવસર હતો.

જેમની સ્મૃતિમાં આ સમગ્ર આયોજન થયું હતું તે સ્વ. નીલાબેન સોનાણીના પતિ અને અંધ ઉદ્યોગ શાળાના સંચાલક લાભુભાઈ સોનાણી કહે છે કે, 'નીલાની ઈચ્છા હતી અમારી સંસ્થામાં ઉછરેલી, કેળવણી પામેલી દીકરીઓ ધામધૂમથી સાસરે જાય અને તે પૂર્ણ કરી તેનો સંતોષ છે. પાંચ અંધ દીકરીઓ સહજીવનના પંથે અજવાળા પાથરવા જઈ રહી છે ત્યારે તેના લગ્નની કંકોત્રી લખવાથી શરૂ કરી, કન્યા વિદાયના ગીતો સહિત બધું જ અમે એક મા -બાપની જેમ કર્યું. ૨૧મીએ મંડપ મુહૂર્તથી શરૂ કરી, ત્રણ દિવસ સુધી વિવિધ પ્રસંગો અને ૨૩મીએ સાંજે કન્યા વિદાય સાથે આ લગ્ન ઉત્સવ પૂર્ણ થયો. આ લગ્નોત્સવનમાં ઉલ્લેખનીય બાબત એ પણ હતી કે એક અંધ દીકરી સાથે સામાન્ય યુવાને લગ્ન કર્યા છે.'

આ દીકરીઓના બ્યુટી પાર્લરથી લઈને સોના, ચાંદી સાથેનો કરિયાવર સહિતનું બધું જ કરીને, ધામધૂમથી પરણાવવામાં આવી. ચાર સમયનો જમણવાર, ચા નાસ્તાની વ્યવસ્થા, ઉપરાંત વરપક્ષ માટે પણ બગી અને ડીજે, વિડિયો અને ફોટોગ્રાફી આ બધું જ સંસ્થા દ્વારા આપવામાં આવ્યું હતું. અંધ ઉદ્યોગ શાળાના ટ્રસ્ટીઓ, સામાજિક અગ્રણીઓ સહિતના અગ્રણીઓ આ પ્રસંગે આશીર્વાદ આપવા ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગો માટે કામ કરતી અગ્રણી સંસ્થા પીએનઆર સોસાયટીના બાબાભાઈ શાહે લાભુભાઈ સોનાણીને બિરદાવતા કહ્યું હતું કે, 'ભલે આંખોનું વિઝન ન હોય પરંતુ લાભુભાઈનું જે વિઝન છે તે અભિનંદનને પાત્ર છે. ભાવનગરમાં દિવ્યાંગો માટે આટલો ભવ્ય લગ્ન ઉત્સવ પ્રથમ વાર યોજાયો, જેનો આનંદ છે.'

ઉદાર દિલ દાતાઓ અને માંડવે આવેલા મહેમાનોએ વર કન્યાને ચાંદલો અને જાત- જાતની ભેટ આપી ખુશ કરી દીધા હતાં.

૧૯ જાન્યુઆરીએ શ્રી લાભુભાઈને સુરેન્દ્રનગર ખાતે, **પંડિત સુખલાલજી એવોર્ડ** અને ૫૧,૦૦૦ની રોકડ રાશી સન્માન સ્વરૂપે પ્રાપ્ત થઈ હતી. આ સન્માન રાશિમાં ૧૧,૦૦૦ ઉમેરીને તેમણે આ રકમ લગ્નોત્સવમાં આપી, પોતાનો **પિતાતુલ્ય** ભાવ વ્યક્ત કર્યો હતો. સંસ્થાના ટ્રસ્ટીઓ માને છે કે, દિવ્યાંગોની પીડાને આપણે જોઈ શકીએ છીએ, તે જ આપણા દેખાતા હોવાનું પ્રમાણ છે લાભુભાઈ કહે છે કે 'ઈશ્વર કૃપા અને સૌના સહયોગથી આ બધું થયું. વિશેષ આનંદ એ વાતનો છે કે અમારા આ પ્રસંગની સુગંધ અદાણી પરિવાર સુધી પહોંચી અને તેમણે પોતાના પુત્રના લગ્ન પ્રસંગે આ તમામ દીકરીઓને ભેટ સ્વરૂપે માતબર રકમ આપવાનો નિશ્ચય જાહેર કર્યો છે. આ માટે આ તમામ દીકરીઓના બેંક એકાઉન્ટ પણ સંસ્થા દ્વારા જ ખોલી અપાયા છે.'

લાભુભાઈ સોનાણી આંખોથી અંધ છે, પરંતુ તેમનું વિઝન વિશાળ છે. આ વિઝનરી દ્રષ્ટાના નેતૃત્વમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા આગેકૂચ કરી રહી છે અને અંધજનોના જીવનમાં વિવિધ રીતે અજવાળા પાથરી રહી છે. બાળકોને બ્રેઈલ લિપિ શીખવામાં એ.આઈ. ટીચર તરીકે મદદરૂપ થાય તેવા ૨૦ ANNI મશીન આ સંસ્થામાં અંધ બાળકો માટે વસાવવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આ સુવિધા ધરાવતી આ એકમાત્ર સંસ્થા છે. આ ઉપરાંત ગત વર્ષે ૩૦ દિવ્યાંગ બહેનોને સીવણ કામની તાલીમ અને તે પછી તમામને વિનામૂલ્ય સોઈંગ મશીન આપવામાં આવ્યાં હતાં. આ રીતે દિવ્યાંગો માટે અંધ ઉદ્યોગ શાળા સતત પ્રયત્નશીલ છે અને પરિણામલક્ષી કામ કરી રહી છે.



# ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## PNR USA ના સંયોજક તથા સંસ્થાના દાતાશ્રી નયનભાઈ દલાલનો આવકાર કાર્યક્રમ...



તા. ૨૭/૧/’૨૫ના રોજ નટરાજ કેમ્પસ ખાતે, નટરાજ ઓડિટોરિયમમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ, સંસ્થાના ટ્રસ્ટીગણ, સ્ટાફ તથા વાલીઓની વિશાળ ઉપસ્થિતિમાં, દલાલ ફેમિલી ફાઉન્ડેશન USA સંયોજકના શ્રી નયનભાઈ દલાલ અને શ્રીમતી તોરલબેન મહેતાનું PNRના ટ્રસ્ટીમંડળ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવા એક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં Inclusive પ્રાર્થના અને દિવ્યાંગ બાળકોના રંગારંગ સાંસ્કૃતિક કૃતિની પ્રસ્તુતિ બાદ, શાળાના આચાર્ય જિજ્ઞાબેન સોલંકીએ, દલાલ ફેમિલીના અનુદાનથી નિર્મિત થનાર ‘અર્લિ ઈન્ટરવેશન સેન્ટર તથા ફિઝિયોથેરાપી અને રિહેબિલીટેશન સેન્ટર’ માટેનો હેતુ તથા સફળ કેસ સ્ટડી રજૂ કર્યા હતા. સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીશ્રી બાબાભાઈ શાહે, દલાલ ફેમિલીના PNR સોસાયટી સાથેના સંસ્મરણો તાજા કર્યા હતાં. આ પ્રસંગે દિવ્યાંગ બાળકોને વિશેષ સિદ્ધિ બદલ સન્માનિત કરાયાં હતાં તથા PNR સોસાયટીવતી શ્રી નયનભાઈ દલાલને દિવ્યાંગ બાળકોના હસ્તે સ્મૃતિ ભેટ તથા મેમેન્ટો અર્પણ કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી નયનભાઈ દલાલે પણ સંસ્થાની પ્રવૃત્તિઓથી વાકેફ થઈને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું આયોજન શ્રી બાબાભાઈ શાહના માર્ગદર્શન હેઠળ PNR સોસાયટીના વિભાગીય વડાઓના સંકલન દ્વારા કરવામાં આવ્યું હતું.

## PNR વોકેશનલ એક્ટિવિટી ડિપાર્ટમેન્ટ પ્રોજેક્ટ

તા. ૮-૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ લખુભા હોલ ખાતે યોજાયેલ એક્ઝિબિશનમાં, આપણી સંસ્થાના દિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત ઓર્ગેનિક સાબુ, પરફ્યુમ, અગરબતી, ધુપસ્ટીક, શાવરજેલ, ચોકલેટ, તોરણ, હેગિંગ, ટોટબેગ તેમજ કલાત્મક આઈટમનું વેચાણકમ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં શિતલબેન દવે, શ્રી રીનાબેન વસોયા, શ્રી હર્ષાબેન પાડલિયા, શ્રી રૂપલબેન પારેખ અને શ્રી ગાયત્રીબા ઝાલાએ, વેચાણ અને પ્રદર્શન માટે સેવા આપી હતી.

## કેન્સર જાગૃતિ દિવસ




આશીર્વાદ Foundation અમદાવાદ દ્વારા, બહેનોમાં વ્યાપક જોવા મળતા સ્તન કેન્સરમાં જાગૃતી લાવવા માટે, નટરાજ સી.પી. સ્કૂલમાં ૩૦-૯ના રોજ પ્રત્યક્ષ અને પરોક્ષ (ઓનલાઈન) માધ્યમથી એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૪ વ્યક્તિઓ એ માર્ગદર્શન મેળવ્યું હતું. સી.પી. સેન્ટર, સી.પી. હોસ્ટેલ અને તાલુકા મથકોના દિવ્યાંગ બાળકોના વાલીઓ તથા સ્ટાફ માટે ઓનલાઈન માધ્યમની વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરેકને ઉપયોગી પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ તરફથી ભાવનગરના Co-Ordinator ભાનુબેન બોરિચાએ PPT દ્વારા માહિતી સમજાવી હતી આયોજન અને સંકલન શ્રી જીજ્ઞાબેને કર્યું હતું.

## પિડીયાટ્રીક ઓર્થોપેડિક સર્જરી કેમ્પ

તા. ૧૩-૧૪ ફેબ્રુઆરીના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત પી.એન.આર. હોસ્પિટલમાં બાળકોમાં જોવા મળતી જન્મજાત ખામી અને મગજનો લકવા, સ્પાઈના બિફિડા કે ન્યૂરોલોજીકલ કંડીશનથી હાડકાં અને સ્નાયુઓમાં વિકૃતિ માટેની

તપાસનો ખાસ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના પીડિયાટ્રીક ઓર્થોપેડિક વિંગમાં પ્રથમ લેડી ડૉ. આશિમાબેન ચૌધરી સુરતથી ખાસ ઉપસ્થિત રહેલ. તેમણે ૧૭ બાળકોની તપાસ કરી હતી અને તેમાંથી સર્જીકલ પ્રોસિજર માટે ૪ બાળકો પસંદ થયાં હતાં. તેઓનું મસલસ્ક્રીનિંગ ડૉ. કુનાલભાઈ મિસ્ત્રી (PT) અને વાલી માર્ગદર્શન સિનિયર સ્પે. એજ્યુ. જિજ્ઞાબેન સોલંકીએ કરેલ. ૪ બાળકોની સર્જીકલ પ્રોસિજર પિડીયાટ્રીક ઓર્થોપેડિક સર્જન દ્વારા સફળતાપૂર્વક થઈ હતી. જેમાં PNR સોસાયટીની મેડિકલ ટીમનો ખૂબ સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. આગામી કેમ્પ મે ૨૦૨૫માં યોજાશે. રસ ધરાવતા દિવ્યાંગ બાળકોના વાલીઓએ પ્રિ તપાસ માટે નટરાજ સી.પી. સ્કૂલમાં ડૉ. કુનાલ મિસ્ત્રી અથવા જિજ્ઞાબેન સોલંકી (સ્પે. એજ્યુ. એન્ડ રિહેબીલીટેશન)નો શાળા સમયમાં સંપર્ક સાધવો.

## I.D. જિલ્લા કક્ષાનો ખેલ-મહાકુંભ



તા. ૬-૨-૨૦૨૫ અને તા ૭-૨-૨૦૨૫ના બે દિવસીય I.D. ખેલ-મહાકુંભમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત સી.પી.સ્કૂલ તેમજ વિભાગો દ્વારા કુલ ૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાંથી કુલ ૧૮ વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય તેમજ તૃત્તીય નંબર મેળવી સંસ્થાનું નામ રોશન કરેલ છે. જેમાં સી.પી. સ્કૂલ આચાર્યશ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી કાર્તિકભાઈ વ્યાસ, તેમજ શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

## દિવ્યાંગ રમતોત્સવ



દિવ્યાંગો માટે શારીરિક વિડંબણા હોઈ શકે, પરંતુ મનદુરસ્ત અને ઉત્સાહ, તે મર્યાદાને વળોટીને સિદ્ધિઓ સુધી લઈ જાય છે. PNR સોસાયટી આવા બાળકોની સારવાર, નિદાન, શિક્ષણ જ નહીં, પરંતુ તેમની જિંદગીમાં ઉત્સાહના રંગ પૂરવાનું પણ કામ કરે છે. આવા જ હેતુસર તારીખ ૨૧ થી ૨૩ જાન્યુઆરી દિવ્યાંગો માટેનો ત્રિ-દિવસીય રમતોત્સવ યોજાયો હતો. જેમાં ૧૦૮ દિવ્યાંગ બાળકોએ ભાગ લઈ, "હમ કિસીસે કમ નહીં" સાબિત કર્યું હતું.

PNR સોસાયટી સંચાલિત નટરાજ સી. પી. સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ, દિશા વિકાસ પ્રોજેક્ટ, તાલુકા મથકના સારવાર કેન્દ્રો સહિત ૧૦૮ દિવ્યાંગ બાળકોનો **ત્રિ-દિવસીય રમતોત્સવ** નટરાજ સ્કૂલના મેદાનમાં યોજાયો હતો. પ્રારંભે સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસ શાહ અને માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે લીલી ઝંડી બતાવી, રમતોત્સવ ખૂલ્લો મુક્યો હતો. બાદમાં ૨૫, ૫૦, ૧૦૦ મીટર દોડ, ગોળાફેક, સોફ્ટબોલ થ્રો, ૨૫ તથા ૫૦ મીટર વોક અને બોચીની રમતોમાં દિવ્યાંગોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વાલીઓ, ટ્રસ્ટીઓ, શિક્ષકો, ટીટીસી એમડીના વિદ્યાર્થીઓએ હાજરી આપી, બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

આ સ્પોર્ટસમીટને સફળ બનાવવા સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી કાર્તિકભાઇ વ્યાસ, શ્રી વરૂણભાઈ વ્યાસ તથા પી.એન.આર. સોસાયટીના સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

# DSE M. D.



✍ દિવ્યાબેન પટોરિયા

DSE (MD)ના ૨૦૨૨-૨૦૨૪ વર્ષમાં કુલ ૯ તાલીમાર્થીઓ જોડાયેલ હતાં. જેમાં દ્વિતીય વર્ષની ફાઈનલ પરીક્ષામાં પ્રથમ ક્રમે ડાભી અંજુ, દ્વિતીય ક્રમે વૈશાલી જાગીંડ, તૃત્તીય ક્રમે જાડેજા વિધિબાએ સ્થાન મેળવેલ, જે અંતર્ગત તા. ૨૬મી જાન્યુઆરીના રોજ ત્રણેય તાલીમાર્થીઓને મેમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

પી.એન.આર. સોસાયટી સંચાલિત TTC-MDના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માટે 'સ્પોર્ટ્સ મીટ'નું આયોજન ૨૧-૧-૨૫ થી ૨૩-૧-૨૫ સુધી કરવામાં આવ્યું હતું. જેમાં સંગીત ખુરશી, ૨૦૦મી દોડ, ૪૦૦ મી. દોડમાં કુલ ૧૩ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. તેમાંથી ૭ તાલીમાર્થીઓએ વિજેતા થઈ મેડલ્સ મેળવ્યાં હતાં.

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

## ખેલ મહાકુંભ-૨૦૨૫

તા.૧૩/૧/૨૦૨૫ના રોજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ભાવનગર ખાતે 'ખેલ મહાકુંભ ૨૦૨૫' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દોડ, ગોળાફેક, ચક્રફેક, લાંબીકૂદ વિગેરે અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોમાં ઝોનની અલગ અલગ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આપણી હાઈટેક ઈન્કલૂસિવ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો, જેમાં ઝોન કક્ષાની સ્પર્ધા અંતર્ગત ધો.૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ઝડફિયા સિયા મુકેશભાઈ અંડર-૧૪ માં ૧૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમાંક, તેમજ ધો.૧૧/આર્ટસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી જાડેજા આદિત્યરાજસિંહ પ્રદીપસિંહે અંડર-૧૭ માં ગોળાફેક રમતમાં તૃતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો, તે બદલ શાળા પરિવાર અને સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાએ અભિનંદન પાઠવ્યા હતા.

## રાષ્ટ્રીય મતદાતા દિવસ

હાઈટેક ઈન્કલૂસિવ સ્કૂલમાં તા.૨૫/૧/૨૦૨૫ના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૨૫' ની ઉજવણી અંતર્ગત ધો.૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મતદારની પ્રતિજ્ઞા લીધી હતી. રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ લોકો મતદાનનું મહત્વ જાણે અને તેનાથી જાગૃત્ત બની યોગ્ય ઉમેદવારની પસંદગી કરે તે છે. આ દિવસ ભારતના દરેક નાગરિક માટે મહત્વપૂર્ણ છે, કારણ કે ભારતના દરેક વ્યક્તિનો મત દેશના ભવિષ્યનો પાયો નાખે છે.

## વસંત પંચમી પર્વની ઉજવણી



હાઈટેક ઈન્કલૂસિવ સ્કૂલમાં તા.૩/૨/૨૦૨૫ના રોજ **વસંત પંચમી પર્વ** નિમિત્તે સરસ્વતી વંદના કાર્યક્રમ અંતર્ગત, બાલમંદિરના દરેક બાળકોએ સરસ્વતી મા ની પૂજા કરી હતી.

શ્લોક

या देवी सर्वभूतेषु विद्या–रुपेण संस्थिता ।

नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

સાથે આરતી કરવામાં આવેલ. તેમજ yellow day ની પણ ઉજવણી કરવામાં આવેલ જેમાં દરેક બાળકોએ પીળા રંગના વસ્ત્રો પરિધાન કર્યા હતા. ત્યારબાદ રોજિંદા જીવનમાં ઉપયોગી પીળા રંગની વસ્તુ જેવી કે, લીંબુ, હળદર અને અલગ-અલગ ફળ અને ફુલોનો પરિચય પણ કરાવવામાં આવ્યો હતો. શિક્ષકશ્રી હીનાબેન અને પ્રિયાંશીબેને જહેમત ઉઠાવી હતી.

## શુભેચ્છા સમારંભ

હાઈટેક ઈન્કલૂસિવ સ્કૂલમાં તા.૧૦/૨/૨૦૨૫ના રોજ ધોરણ. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના 'શુભેચ્છા સમારંભ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પી.એન.આર સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, હાઈટેક સ્કૂલના ચેરમેન અને મહિલા કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી ડી.જે ધંધુકિયા સાહેબ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરરશ્રી રાખશિયા સાહેબ, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા , શિક્ષકો તથા બાલમંદિર તેમજ ધોરણ.૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટીશ્રીઓના શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદ બાલમંદિર તેમજ ધો.૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કૃતિઓની પ્રસ્તુતિ જોઈને ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદિત થઈ ગયા હતા. કૃતિઓ રજૂ કર્યા બાદ ધોરણ.૧૦ ની વિદ્યાર્થીની વૈષ્ણવ હિર અને ભેવલિયા ભૂમિ દ્વારા શાળાના શિક્ષકો અને પોતાના સહપાઠીઓ સાથે થયેલ અનુભવો રજૂ કરવામાં આવ્યાં હતાં. હાઈટેક સ્કૂલના ચેરમેનશ્રી ડી.જે ધંધુકિયા સાહેબે ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ ઘડતર વિશે મોટિવેશન કરી, આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી, શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી બાબાભાઈએ પણ ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ

કરે તેવા આશીર્વચન પાઠવ્યાં હતાં. આ ઉપરાંત વિવિધ સ્પધાર્ઓમાં સુંદર દેખાવ કરનાર વિદ્યાર્થીઓને અને શ્રેષ્ઠ કાર્ય કરનાર શિક્ષકોને પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ધો.૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાને સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવી હતી.આ કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી મિશાબેન વઘાસિયાએ કર્યું હતું.

### પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫




હાઈટેક ઈન્કલૂસિવ સ્કૂલમાં તા.૧૦/૨/૨૦૨૫ના રોજ, માનનીય પ્રધાનમંત્રી શ્રીના 'પરીક્ષા પે ચર્ચા- ૨૦૨૫' કાર્યક્રમમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકો દ્વારા લાઈવ નિહાળવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત વાતચીત કરી, વિદ્યાર્થીઓના અનેક પ્રશ્નોના જવાબ આપવાની સાથે, તેમણે બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવવાની રીત પણ જણાવી હતી. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના તણાવ અને દબાણ, ટેક્નોલૉજી, નિષ્ફળતાઓ વગેરે સંબંધિત ઘણા પ્રશ્નોના જવાબ આપ્યાં, આ ઉપરાંત પરીક્ષા સમયે વિદ્યાર્થીઓએ કોઈપણ મૂંઝવણ વગર તેમના પ્રશ્નનું નિરાકરણ લાવવું, તેની માહિતી આપવામાં આવી હતી.

નોંધ : ઉપરોક્ત તમામ કાર્યક્રમો શાળાના આચાર્યશ્રી હિતેનભાઈ પંડ્યાના માર્ગદર્શન નીચે, શાળાના તમામ શિક્ષકોના સહકારથી કરવામાં આવ્યાં હતાં.

# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
# દિવ્યાંગો માટે આશા કિરણ

✍ અમિત મિત્રા



### વોકેશનલ એક્ટિવિટી :

PNR સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃતિતઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ડિસેમ્બર માસ દરમિયાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં પેપર બેગ બનાવવી, નેપકિન સ્ટેન્ડ બનાવવું, સાબુનું પેકિંગ કરતાં બાળકોને શીખવવામાં આવ્યું હતું.

### લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :

તા. ૩૦-૧ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. સી.પી. સ્કૂલ અંતર્ગત ક્વીઝેબલ્ડ, બેંગ્લોર ખાતે પ્રોજેક્ટ તથા સી.પી. સ્કૂલના બે વિદ્યાર્થી કૃણાલ આહિર અને દિયા ગોહેલ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ, તેની જાણ કરવા બાબત, સી.પી. સ્કૂલમાં માર્ચ મહિના દરમિયાન એન્યુઅલ ફંકશનમાં એક કૃતિ રજૂ કરવા તેમજ તેની તૈયારી કરાવવા બાબત, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત જે બાળકોમાં આવકના દાખલાની વેલીડિટી પૂરી થઈ ગઈ છે તેઓને આવકના દાખલા રિન્યૂ કરવા જણાવવા બાબત, પ્રોજેક્ટ અંતર્ગત ફેબ્રુઆરી મહિનામાં નિરામયા હેલ્થ પોલીસી રિન્યુ કરવાની પ્રક્રિયા શરૂ કરવા બાબત.

# PNR સોસાયટીમાં જન્મદિવસની સયુંકત ઉજવણી સંપન્ન




PNR સોસાયટીના નટરાજ ઓડિટોરિયમ હોલમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ સંસ્થાના માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ તથા સ્ટાફના ૩ બહેનો અને ૩૫ દિવ્યાંગ બાળકોના જન્મદિવસની સામૂહિક ઉજવણી દીપ પ્રગટાવી , કેક કટીંગ અને હેપી બર્થ ડે ના ગાન સાથે હર્ષ ઉલ્લાસ થી કરવામાં આવી હતી. સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કાર્યક્રમનું સંચાલન કરતાં-દિવ્યાંગો, પધારેલા મહાનુભાવોને ભેટ તથા સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી.મહામંત્રીશ્રી પારસભાઇ શાહ, પ્રદીપભાઈ ભટ્ટ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગ બાળકો અને કમર્ચારીઓએ ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યો હતો. માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડે પ્રસંગોચિત્ત ઉદબોધન કરેલું હતું.

આ પ્રસંગે શ્રી કિરીટભાઈ અને શ્રી હર્ષદભાઈ ગાંધી તરફથી બાળકોને નાસ્તો અને જન્મદિવસની શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# PNR હોસ્પિટલ

**ફેબ્રુઆરી 2025 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા



| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| • ઓર્થોપેડિક | ૧૯૨ | ૧૦ | ૩ |
| • આંખ | ૧૫૩૫ | ૬૦ | ૪૭૬ |
| • ઈ.એન.ટી. | ૩૭૮ | ૧૮૫ | ૭ |
| • હેર ટ્રાન્સપ્લાન્ટ | ૨૭ | - | ૭ |
| • આર્થોસ્કોપી | ૩૪ | - | - |
| • ડેન્ટલ | ૧૭૮ | ૧૮૪ | - |
| • લેબોરેટરી | ૪૪૦ | - | - |
| • પીડિયાટ્રિક ડેન્ટલ | ૧ | ૩ | - |
| • ચામડી | ૨૯ | - | - |
| • પ્લાસ્ટિક સર્જરી | ૪૦ | - | ૧૯ |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| • જનરલ ઓપીડી | ૬૯૩ |
| • એક્ષ-રે | ૭૬ |
| • આંખના પડદા | ૪૦ |
| • M. D. ફિઝીશ્યન | ૧૮ |

- આ માસ દરમિયાન કુલ ૩૬૮૧ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ માસમાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ કુલ ૧૦૨ લાભાર્થીઓએ રૂા. ૧૯,૧૦૦/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ ૨૫ લાભાર્થીઓએ રૂા. ૪,૩૫૦/- ની સહાય મેળવેલ છે.

# કુંભણ ગામે યોજાયો સર્વરોગ નિદાન કેમ્પ

**૧૦૨ લોકોએ લીધો લાભ, ૧૫ના વિનામૂલ્યે ઓપરેશન**



PNR હોસ્પિટલ, ભાવનગર દ્વારા શ્રી નાનુભાઈ વાઘાણીના સહયોગથી, કુંભણ (તા. પાલિતાણા) ખાતે **વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ** બીજી ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો. જેમાં નેત્ર નિદાન અન્વયે આંખના ૧૦૨ દર્દીઓને તપાસવામાં આવ્યાં અને જરૂરિયાતમંદને નેત્ર ટીપાં અપાયાં હતાં.

આગામી દિવસોમાં ૧૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન PNR હોસ્પિટલમાં લેન્સ બેસાડી વિનામૂલ્યે કરી આપવામાં આવશે. ચામડીના રોગના ૪૦ દર્દી તથા પેઈન મેનેજમેન્ટ (સાંધાના દુઃખાવા)ના ૫૦ દર્દીઓને હોમિયોપથી અને આયુર્વેદિક ડોક્ટર દ્વારા વિશેષરૂપે તપાસવામાં આવ્યાં હતાં.

PNR હોસ્પિટલના ડૉક્ટરશ્રીઓ સર્વશ્રી આંખના સર્જન ડૉ. પાયલબેન અરોરા અને ડૉ. હર્ષાબેન મહેશ્વરી, ચામડી રોગના નિષ્ણાત ડૉ. રાહુલ લખોટિયા, પેઈન મેનેજમેન્ટ (સાંધાના દુઃખાવાના નિષ્ણાત) ડૉ. હેતલબેન લિંબાણીએ સેવા આપી હતી. શ્રી ચેતનભાઈ રાણા, શ્રી યશભાઈ મહેતા, અલ્જીરાબેન ફર્નાન્ડિઝ અને પ્રિયંકા સોલંકીએ સેવા આપી, કેમ્પને સફળ બનાવા જહેમત ઉઠાવી હતી.

આ કેમ્પનું PNR હોસ્પિટલ ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા અને શ્રી નિલેશભાઈ ચલાળિયા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તથા આરોગ્યલક્ષી કેમ્પનો આમ જનતાને લાભ મળતો રહે તેવા હેતુથી કેમ્પ આયોજન પ્રવૃત્તિમાં સહુને યોગદાન આપતા રહેવા અપીલ કરી હતી.

## રીડર ઓફ ધ યર :



આ વર્ષે રીડર ઑફ ધ યર એવોર્ડ કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ ધો. ૭ની વિદ્યાર્થીની કુ. લાઠિયા માનસી સુરેશભાઈ એ તા. ૪ ૧૨-૨૪ થી તા. ૩-૧-૨૫ દરમ્યાન ૩૦ દિવસમાં ૫૫ પૂસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. માનસી જીવનના તમામ ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ



### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૫ - ૯ ફેબ્રુઆરી રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન **દાતાશ્રી સ્ટેકબેક ઝવેરી પ્રા.લિ. - મુંબઈ**ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૨૭ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા - (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૧ કપાયેલ હોઠના, ૧ તાળવામાં કાણું અને ૧ હાઈપોસ્પેડિયા એમ કુલ ૩ ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યા હતાં. આ કેમ્પમાં ડૉ. નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### Yupaa Fresh Pvt. Ltd., Mumbai Deafness Blindness Prevention Project

ઉપરોક્ત પ્રોજેક્ટ સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે ના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફેક્ટિવ એરરવાળા બાળકોને વિનામુલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને, ડોક્ટર દ્વારા નિદાન કરી તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.




ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન ગારિયાધાર, ઉમરાળા જિલ્લાના વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૧૬૧૯૬ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. તેમાંથી આંખની રિફેક્ટિવ એરરવાળા ૬૫૫ બાળકો જોવા મળ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા ૪૫૩ બાળકો જોવા મળ્યાં હતાં.

તા. ૧૮-૦૧-૨૦૨૫ ના રોજ ભાવનગર પીએનઆર હોસ્પિટલ ખાતે એક **ઈએનટી કેમ્પ**નું આયોજન કર્યું હતું. તેમાં શિહોર તાલુકાના તમામ ગામની કેન્દ્રવર્તી સ્કૂલ અને તેની પેટા શાળાના કાનની તકલીફવાળા ૭૮ બાળકોને બોલાવવામાં આવ્યાં હતાં. જેમાં ડૉ. અશોક બારૈયા (ઈએનટી સર્જન)એ ૪૩ બાળકોને તપાસી, પ્રિસ્ક્રાઈબ કર્યા મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને પીએનઆર હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે ૧૭ બાળકોને રિફર કર્યા. તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ઈએનટી સર્જન) Tympanoplasty અને Mastoidectomy with Tympanoplasty દ્વારા ૦૮ સર્જરી સફળતા પૂર્વક કરી આપવામાં આવી છે.

# અંબા સી.પી. હોસ્ટેલ

## જાન્યુઆરી-૨૦૨૫, ફેબ્રુઆરી-૨૦૨૫

✍ લાલજીભાઈ પંડ્યા



નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવગંત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

| | |
|---|---|
| - તા. ૨૧-૦૧-૨૫ | નીતાબેન પરમાર |
| - તા. ૨૨-૦૧-૨૫ | પ્રવીણાબેન વાઘેલા |
| - તા. ૨૬-૦૧-૨૫ | સમીરભાઈ શાહ |
| - તા. ૨૭-૦૧-૨૫ | તન્વીરભાઈ મીરઝા |
| - તા. ૦૪-૦૨-૨૫ | શ્રી પારસભાઈ શાહ |
| - તા. ૦૫-૦૨-૨૫ | એક શુભેચ્છક |
| - તા. ૧૪-૦૨-૨૫ | શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી) |
| - તા. ૧૪-૦૨-૨૫ | એક શુભેચ્છક |
| - તા. ૧૫-૦૨-૨૫ | શ્રી રેખાબેન ચિતલીયા |

### નાસ્તો :

| | |
|---|---|
| - તા. ૨૩-૦૧-૨૫ | શ્રી મનસુખભાઈ વાઘેલા |
| - તા. ૨૮-૦૧-૨૫ | શ્રી સંજયભાઈ જેઠવા |
| - તા. ૨૭-૦૧-૨૫ | શ્રી ડાભી તૃપ્તિબેન |
| - તા. ૨૯-૦૧-૨૫ | શ્રી ભૂમિકાબેન |
| - તા. ૦૧-૦૨-૨૫ | શ્રી ઋષભભાઈ દેસાઈ |
| - તા. ૦૭-૦૨-૨૫ | શ્રી રાજેશભાઈ શાહ |
| - તા. ૦૫-૦૨-૨૫ | શ્રી દિપકભાઈ ખાટસુરિયા |
| - તા. ૦૯-૦૨-૨૫ | શ્રી કૃષ્ણકુમાર રાજપુત |
| - તા. ૧૪-૦૨-૨૫ | શ્રી તુલશીભાઈ બાબરિયા |



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ

✍ ગજાનંદભાઈ ભટ્ટ



## ભાવનગર રાજકુંવરીબા શ્રી બ્રિજેશ્વરીદેવીજી ગોહિલ શાળાની મુલાકાતે



શાળાના મહાવીર ઓડિટોરીયમમાં પ્રાથર્ના દરમ્યાન ભાવનગર સ્ટેટ પ્રિન્સેસ શ્રી બ્રિજેશ્વરી દેવી, શ્રી સુનીતા બેન અગ્રવાલ અને શ્રી પ્રાચી બેન અગ્રવાલ પધાર્યા હતા. 'માતાની પછેડી'નો ઈતિહાસ જણાવ્યો હતો અને પ્રમાણપત્ર, પુરસ્કાર અપાયા હતાં. ત્યારબાદ સંસ્થાની મુલાકાત લીધી હતી. નિલમબાગ પેલેસની મુલાકાતે બાળકોને લાવવા આમંત્રણ આપ્યું હતું. માનદમંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ સંસ્થા પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, આચાર્યશ્રી શૈલેષ ભાઈ દવે, શ્રી ફાલ્ગુની બેન ખાટસુરિયા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન શ્રી સૂયર્કાંતભાઇ ચાવડાએ કર્યું હતું.

## માતાની પછેડી કળામાં ભાગ લેતા બહેરા મૂંગા શાળાના દિવ્યાંગ બાળકો



મોગલ શાસન દરમ્યાન મંદિરો ધ્વસ્ત કરાયા, પૂજા અર્ચના ઉપર પ્રતિબંધ મુકાયો ત્યારે, પૂજા અર્ચના માટે લોકો કાપડ ઉપર માતાજીનું મંદિર બનાવી તેની પૂજા અર્ચના કરતા, પછી તે સંકેલી સંતાડી મૂકી દેતા. એ રીતે અસ્તિત્વમાં આવેલ એવી ૭૦૦ વર્ષ જૂની આપણી અમદાવાદ, ગુજરાતની માતાની પછેડી કળાના, ભાવનગર રાજકુંવરીબા શ્રી બ્રિજેશ્વરીજી ગોહિલના ભાવનગર ઈન્ટેક દ્વારા આયોજિત, વર્કશોપમાં શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા-મૂંગા શાળા ના ધો ૮ ના ત્રણ બાળકો વાર્ષિક માલમ, અશ્વિન સેલૈયા, વિજય સાંખટને શ્રી પ્રાચી અગ્રવાલ અને તેમના માતૃશ્રી સુનીતાબેન તરફથી એક ની ફી ૧૫૦૦ પ્રમાણે કુલ રૂ.૪૫૦૦/- ભરી ભાગ લેવડાવેલ. પદ્મશ્રી શ્રી ભાનુભાઈ ચુનીલાલ ચિતારા, તેમના પુત્ર મહેશભાઈ એ ભાગ લેનાર ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ચાર દિવસ આ આર્ટ શીખવી હતી શ્રી સુનીતાબેને ત્રણ દિવસ બાળકોનું ફરમાઈશ અનુસારનું લંચ બનાવી મોકલ્યું હતું, તદુપરાંત રૂ ૫૦૦ + ૨૦૦ રોકડ પુરસ્કાર પણ બાળકોને આપ્યાં હતાં. ટ્રેનિંગ દરમ્યાન ઈન્ટરપ્રીટર તરીકે દવે દીપેન (TTC), પ્રશાંતભાઈ દેવમુરારી, સૂર્યકાંતભાઇ ચાવડા સાથે રહ્યાં હતાં.

## શ્રી નિશીથભાઈ મહેતા તરફથી કીટ વિતરણ

તા. ૧૩-૨-'૨૫ ગુરુવારે સાંજે ૪:૩૦ કલાકે સ્ટાફરૂમમાં, શ્રી નિશીથભાઈ મહેતા, આપણા જાણીતા ઉદ્યોગપતિ દ્વારા અંદાજીત ૭૦ જેટલા બાળકોને તેના દ્વારા કીટ વિતરણ કરેલ. જેમાં ૧ બેગ તથા પેંડાનું બોક્સ અને ૧ ટી-શર્ટ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં, જેનો હેતુ રમત-ગમતમાં નેશનલ તથા ખેલ-મહાકુંભ તથા રોજ પ્રેક્ટિસમાં આવેલ બાળકોને ઉત્સાહિત કરવા માટે તથા આ સાથે સ્પોર્ટ્સ વિશેની માહિતી તેમજ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આપણાં ટ્રસ્ટીઓ તેમજ શિક્ષકમિત્રો અને આચાર્યશ્રીએ તેમની આ પ્રોત્સાહિત ગિફ્ટ આપવા માટે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ આ ક્ષેત્રે બાળકોને રમતમાં તૈયાર કરાવનાર રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામી તેમજ શ્રી હિતેષભાઈ વ્યાસને ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

# શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા - ભાવનગર

## વાર્ષિકોત્સવ 'મૌન થનગનાટ'

શાળાનો વાર્ષિકોત્સવ 'મૌન થનગનાટ' ખૂબ ધામ-ધૂમથી શહેરના જાણીતાં ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે તા. 9-02-2025ને રવિવારે ઉજવાય જેમાં શાળાના તમામ વિભાગના શ્રવણમંદ બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી. શ્રવણ ખામી હોવા છતાં ઢોલના ધબકારે તાલ મેળવી, તાળીઓની રમઝટ સાથે રાસ ગરબાની તથા બાળગીતો, શક્તિ આરાધના, શિવ તાંડવ અને  કૃષ્ણલીલા જેવી અદ્ભૂત પ્રસ્તૂતિ નિહાળી આમંત્રિતો ઝૂમી ઉઠ્યા હતાં. શાળાના તમામ ટ્રસ્ટીઓ, મંત્રીશ્રીઓ, મહેમાનો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ પ્રેરક રહી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના તમામ શિક્ષકોએ કોરિયોગ્રાફર, ગાયક-વાદક તથા સંકલનની જવાબદારી સુપેરે નિભાવી હતી.















# શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા - ભાવનગર

















# શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા - ભાવનગર















# શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા - ભાવનગર













કાર્યક્રમ સંચાલન





સ્વાગત પ્રવચન



ઇન્ટરપ્રિટર



# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા



✍ જ્યોતિબેન ભટ્ટી

## ‘સાયલો ઓલમ્પિયાડ - ૨૦૨૫માં રાષ્ટ્રકક્ષાએ સિદ્ધિ

પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના કુલ ૩૬ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકો મુંબઈ ખાતેની શ્રવણમંદોની બોમ્બે રાઉન્ડ - ૧૯ આયોજિત સાયલો ઓલમ્પિયાડ - ૨૦૨૫માં તા. ૩૦-૧-૨૦૨૫ થી તા. ૨-૨-૨૦૨૫ સુધી ભાગ લેવા ગયા હતાં. આ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી વિશિષ્ટ શાળાઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ચેસ, ત્રિપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળાફેંક અને લાંબી કૂદ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧ ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર મેડલ અને ૪ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૧૦ મેડલ મેળવી આપણા બાળકોએ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જેની વિગત નીચે પ્રમાણે છે :

| વિદ્યાર્થીનું નામ | રમત | મેડલ |
|---|---|---|
| ૧. અશરફ મન્સુરી | ચેસ | ગોલ્ડ |
| ૨. કામળિયા આરતી | લાંબી કૂદ | સિલ્વર |
| ૩. દીપિકા શિયાળ | ૪×૧૦૦ મી. રીલે દોડ | સિલ્વર |
| ૪. દીપિકા શિયાળ | ૨૦૦ મી. દોડ | બ્રોન્ઝ |
| ૫. જાનકી પરમાર | ૪×૧૦૦ મી. રીલે દોડ | સિલ્વર |
| ૬. જાનકી પરમાર | ૧૦૦ મી. દોડ | બ્રોન્ઝ |
| ૭. કિંજલ ઝાપડિયા | ૪×૧૦૦ મી. રીલે દોડ | સિલ્વર |
| ૮. રશ્મિતા ડોડિયા | ૪×૧૦૦ મી. રીલે દોડ | સિલ્વર |
| ૯. બિપીન વાઘેલા | ૨૦૦ મી. દોડ | બ્રોન્ઝ |
| ૧૦. દર્શિતા મકવાણા | ૨૦૦ મી. દોડ | બ્રોન્ઝ |

શાળાની સમગ્ર ટીમ દ્વારા સંસ્થાને મળેલ ગૌરવ માટે, સંસ્થાના ટ્રસ્ટીગણ તથા બંને વિભાગના આચાર્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યાં હતા. શ્રી સંદીપભાઈ ગોસ્વામીએ કોચ તરીકે ખૂબ જહેમત ઉઠાવેલ તથા શિક્ષકો શ્રી ફાલ્ગુનીબેન મકવાણા, શ્રી ઉજવલાબેન વ્યાસ તથા શ્રી વર્ષાબેન ચૌહાણનો સુંદર સહકાર સાંપડ્યો હતો.

## એક્સલ એક્સપ્રેશન કાર્યક્રમમાં ‘કૃષ્ણલીલા’ કૃતિની રજૂઆત

દર વર્ષે ભાવનગરની પ્રખ્યાત સુમિટોમો કંપની દ્વારા, **એક્સલ એક્સપ્રેશન** કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં ભાવનગર જિલ્લાની શાળા અને કોલેજ કક્ષાએ વિવિધ પ્રતિભા બહાર લાવવા સાંસ્કૃતિક કાર્યક્રમની સ્પર્ધા યોજવામાં આવે છે.

આ વર્ષે આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૧-૧-૨૦૨૫ના રોજ શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે શાળાના ૧૬ વિદ્યાર્થીઓએ ‘કૃષ્ણલીલા’ કૃતિની રજૂઆત કરી હતી. જેમાં શ્રીકૃષ્ણ ભગવાનની લીલા, તેમજ અવતાર જેવા કે નાગદમન, કંસ વધ, શેષશાયી કૃષ્ણ વગેરેનું દર્શન કરાવ્યું હતું. પ્રાથમિક હરિફાઈ બાદ ‘કૃષ્ણલીલા’ કૃતિ વિનર્સ શોમાં મહેમાન કૃતિ તરીકે રજૂ કરવામાં આવી હતી. પ્રેક્ષકો કૃતિ જોઈને ખૂબ આનંદવિભોર બન્યાં હતાં અને સ્ટેન્ડિંગ ઓવિએશન આપ્યું હતું.

આ કૃતિનું આ વખતે ૬૭મી વખત પ્રેઝન્ટેશન હતું. આ કૃતિ વિવિધ રાજ્યોમાં પ્રદર્શિત કરવામાં આવી છે. તેમજ સરકાર દ્વારા પણ ઘણી વખત આમંત્રિત કરવામાં આવી છે.

આ પ્રસંગે શાળાને મોમેન્ટો તથા દરેક બાળકોને આકર્ષક ગિફ્ટ આપવામાં આવી હતી. આ કૃતિ તૈયાર કરાવવા માટે શ્રી કીર્તિદિવસિંહ ગોહિલ, શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તેમજ શ્રી પ્રશાંતભાઈ દેવમુરારીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## શ્રવણમંદ બાળકોની એથ્લેટિક્સમાં સિદ્ધિ - ૨૧ મેડલ



ગુજરાત સરકાર અને બધિર મંડળ ભાવનગર દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, ભાવનગર ખાતે તા. ૨૭-૧-૨૦૨૫ને મંગળવારે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦નું જિલ્લા કક્ષાએ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શાળાના શ્રવણમંદ વિદ્યાર્થી ભાઈઓ, બહેનોએ ખૂબ સારો દેખાવ કરી મેડલ પ્રાપ્ત કરેલ છે. જે બદલ ખેલાડીઓને તેમજ કોચ

શ્રી હિતેષભાઈ વ્યાસ, શ્રી સંદિપભાઈ ગોસ્વામી, મેનેજર શ્રી ચંદ્રિકાબેન પરમાર તથા શ્રી હિમાક્ષીબેન મકવાણાને, શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યા, ટ્રસ્ટી શ્રી અમિતભાઈ શાહ, અન્ય ટ્રસ્ટીગણ, આચાર્ય (માધ્યમિક વિભાગ) શ્રી શૈલેષભાઈ દવે, આચાર્ય (પ્રાથમિક વિભાગ) શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા તથા શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

મેડલ મેળવનાર ખેલાડીઓની યાદી નીચે પ્રમાણે છે. કુલ ગોલ્ડ મેડલ - ૮, સિલ્વર મેડલ - ૬ તેમજ બ્રોન્ઝ મેડલ - ૭ મળીને કુલ ૨૧ મેડલ મેળવ્યાં છે.

## ખેલાડીઓના નામ તેમજ મેડલની યાદી

**ગ્રૂપ - A (૧૦૦મી.) ભાઈઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | વાઘેલા બિપીન | ધો. - ૬ | ગોલ્ડ |
| ૩. | રાઠોડ શાહિદ | ધો. - ૯ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - A (૨૦૦મી.) ભાઈઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | વાઘેલા બિપીન | ધો. - ૬ | ગોલ્ડ |

**ગ્રૂપ - B (૨૦૦મી.) બહેનો**

| | | | |
|---|---|---|---|
| ૧. | શિયાળ દીપિકા | ધો. - ૯ | ગોલ્ડ |
| ૨. | મકવાણા દર્શિતા | ધો. - ૮ | સિલ્વર |
| ૩. | ઝાપડિયા કિંજલ | ધો. - ૯ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - B (૧૦૦મી.) બહેનો**

| | | | |
|---|---|---|---|
| ૧. | મકવાણા દર્શિતા | ધો. - ૮ | ગોલ્ડ |
| ૨. | શિયાળ દીપિકા | ધો. - ૯ | સિલ્વર |
| ૩. | ઝિંઝુવાડિયા શ્રદ્ધા | ધો. - ૬ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - C (૧૦૦મી.) ભાઈઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ડામોર જગદિશ | ધો. - ૮ | ગોલ્ડ |
| ૨. | માલમ વાર્ષિક | ધો. - ૮ | સિલ્વર |
| ૩. | ગોહિલ કલ્પેશ | ધો. - ૬ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - C (૨૦૦મી.) ભાઈઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | માલમ વાર્ષિક | ધો. - ૮ | ગોલ્ડ |
| ૨. | શેખ સાહિલ | ધો. - ૮ | સિલ્વર |
| ૩. | ડામોર જગદિશ | ધો. - ૮ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - D (૨૦૦મી.) બહેનો**

| | | | |
|---|---|---|---|
| ૧. | સાંખટ કાજલ | ધો. - ૯ | ગોલ્ડ |
| ૨. | પરમાર જાનકી | ધો. - ૭ | સિલ્વર |
| ૩. | બાંભણિયા મનિષા | ધો. - ૮ | બ્રોન્ઝ |

**ગ્રૂપ - D (૧૦૦મી.) બહેનો**

| | | | |
|---|---|---|---|
| ૧. | બારૈયા હિરલ | ધો. - ૧૦ | ગોલ્ડ |
| ૨. | પરમાર જાનકી | ધો. - ૭ | સિલ્વર |
| ૩. | ગાહા નમિરા | ધો. - ૧૧ | બ્રોન્ઝ |

## ‘શ્રવણમંદ બહેનોએ રાજ્યકક્ષાએ વોલીબોલમાં મેળવ્યો સિલ્વર મેડલ’

ગુજરાત સ્પોટ્ર્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા, કછોલી (નવસારી) ખાતે તા. ૨૪-૧-૨૦૨૫થી તા. ૨૬-૦૧-૨૦૨૫ દરમિયાન રાજ્યકક્ષાની ૧૩મી ઓલ ગુજરાત વોલીબોલ (ભાઈઓ-બહેનોની) ચેમ્પિયનશિપ ઓફ ધ ડેફનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની ૧૮ વર્ષથી ઉપરના વિભાગની બહેનોની ટીમે, સિલ્વર મેડલ (દ્વિતીય ક્રમાંક) પ્રાપ્ત કર્યો હતો.

**ભાગ લેનાર ખેલાડીઓ :**

| | |
|---|---|
| ૧. ચાવડા દયા | ૨. માંગુકિયા વિધિ |
| ૩. કોટડિયા વિજ્યા | ૪. વાણિયા જિજ્ઞા |
| ૫. ભીમાણી સોનલ | ૬. સોલંકી નંદની |
| ૭. આંબલિયા હેમલતા | ૮. વાલ્હે જાગૃતિ |
| ૯. વાસીયા મનિષા | |

ટીમ કોચ તરીકે શ્રી હિતેષભાઈ વ્યાસ, તેમજ મેનેજર તરીકે શ્રી જ્યોતિબહેન બારૈયાએ જહેમત ઉઠાવેલ. ઉપરોક્ત તમામને પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહ, મંત્રીશ્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યા અન્ય ટ્રસ્ટીઓ તેમજ શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન આપ્યાં હતાં. સાથે નેશનલ કક્ષા માટે નીચેની વિદ્યાર્થીનીઓમાંથી પસંદગી કરવામાં આવશે.

| | |
|---|---|
| ૧. ચાવડા દયા (ધો.૧૧) | ૨. કોટડિયા વિજ્યા (ધો.૧૧) |
| ૩. વાણિયા જિજ્ઞા (ધો.૧૧) | ૪. માંગુકિયા વિધિ (ધો.૧૧) |
| ૫. ભીમાણી સોનલ (ધો.૧૧) | ૬. સોલંકી નંદની (ધો.૯) |

## વાઈબ્રન્ટ ભાવનગર વિઝન ૨૦૩૦ની મુલાકાત

તા. ૦૬-૦૧-૨૦૨૫ને સોમવારે શાળાના ધોરણ - ૧૧ના ૨૯ વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ભાવનગર વિઝન 2030 ટ્રેડ અને ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોને વિવિધ પ્રકારના ટ્રેડ વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં મેડિકલ, આયુર્વેદિક, ઓર્ગેનિક, મશીનરી, ટેકનોલોજી, હેન્ડિક્રાફ્ટ, ફૂડ ઝોન, ઈન્ટિરીયલ ડિઝાઈન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે જેવા ટોપિક અંગેના વિવિધ સ્ટોલ બતાવી, બાળકોને સમજાવી ખૂબ સરસ માહિતી આપવામાં આવી હતી. સમગ્ર એક્સ્પોનું આયોજન ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું હતું. આ મુલાકાતથી કોમર્સના બાળકો ટ્રેડ અને બિઝનેસ વિશે નવી-નવી જાણકારી પ્રાપ્ત કરે અને વ્યવહારું જ્ઞાન મેળવે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.




આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે શ્રી વિરેન્દ્રસિંહ, શ્રી અનુપાબેન તથા શ્રી સ્મિતાબા ગયા હતા. તેમજ દરેક સ્ટોલ પર શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી અનુપાબેન દ્વારા સાઈન લેંગ્વેજથી વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

# પી.આર.વી. વર્કશોપ



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)

### માહે જાન્યુઆરી-૨૦૨૫ની કામગીરીની વિગત

માહે જાન્યુઆરી માસમાં લોકલ લેવલે કુલ ૧૦૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૨ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે,

- આખા પગ - ૦૨
- અડધા પગ - ૦૨
- ની બ્રેસ - ૧૪
- સ્પાઈનલ ઓર્થોસીસ - ૦૪
- અન્ય - ૭૦
- એ.એફ.ઓ - ૧૬
- પ્લાસ્ટિક ઓર્થોસિસ - ૧૪

કુલ - ૧૨૨

માહે જાન્યુઆરી, ૨૦૨૫મા ની બ્રેસના કેમ્પ, ડૉ. વિજય નાયક દ્વારા તા. ૧૮ થી ૨૦ દરમિયાન જાંલધર (પંજાબ)માં યોજાયેલ, જેમાં ૬૩ લાભાર્થીઓને ૧૨૬ ની બ્રેસ પૂરી પાડેલ હતી અને સંસ્થાના પી.એન્ડ ઓ. ડૉ. રવિભાઈ વાટલિયા દ્વારા હુબલી (કર્ણાટક)માં તા. ૨૬ જાન્યુઆરીના રોજ એક કેમ્પ યોજાયેલ, જેમાં ૩૩ લાભાર્થીઓને ૬૬ ની બ્રેસ પૂરી પાડવામાં આવેલ હતી. તેમજ એલ.એસ. બેલ્ટ, તેમજ હીપ બ્રેસ પૂરાં પાડવામાં આવેલ હતાં.

# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોશી

- તા. ૨૯-૧-'૨૫ના રોજ સ્વ.શ્રી ભુપતભાઈ કેશવભાઈ બાંભણિયાની તિથિ નિમિત્તે બાળકોને નાસ્તો તેમજ સ્ટ્રોબેરી ફ્રુટ આપવામાં આવ્યું હતું.
- ૨૯-૧-'૨૫ના રોજ શ્રીમતિ સુશીલાબેન અનંતરાય કામદારના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન-ફરસાણનું ભોજન કરાવ્યું હતું.
- ૨૭-૧-'૨૫ના રોજ માનનીય પ્રમુખ શ્રી ગિરિશભાઈના માતુશ્રી લલીતાબાની તિથિ નિમિત્તે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું.
- ૧-૨-'૨૫ના રોજ સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈની ૫૦મી મેરેજ એનિવર્સરી નિમિત્તે મિષ્ટાન ફરસાણ સાથે, બાળકોને ભોજન કરાવ્યું હતું. જીતુભાઈ તથા તેમના ધર્મપત્નીના હાથે સુખડી કટિંગ કરાવેલ, તેમજ બાળકોએ પુષ્પગુચ્છથી સ્વાગત અને સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યા દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી જીતુભાઈના હસ્તે દીપ પ્રાગટ્ય પણ કરાયું હતું.



- ૨-૨-'૨૫ના રોજ અર્હમ યુવા સેવા ગ્રૂપ દ્વારા બાળકોને નવકાર મંત્ર પ્રાર્થના કરાવી હતી, તેમજ બાળકોને ફ્રૂટ વિતરણ કર્યું હતું.
- ૩-૨-'૨૫ ના રોજ શ્રી વાડીલાલભાઈ ચત્રભુજભાઈ ચોગઠના આત્મશ્રેયાર્થે બાળકોને મિષ્ટાન ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.
- ૪-૨-'૨૫ ના રોજ શ્રી સરલાબેન નિરંજનભાઈ શાહની મેરેજ એનિવર્સરી નિમિત્તે બાળકોને મિષ્ટાન ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.
- ૭-૨-'૨૫ ના રોજ મહેન્દ્રભાઈ વી. વાઘેલાની દીકરીના જન્મદિવસ નિમિત્તે બધાજ બાળકોને નોટબુક અને પેનનું વિતરણ કરાયું હતું.
- ૮-૨-'૨૫ ના રોજ સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહના પુત્ર શ્રી ભાવિનભાઈની મેરેજ એનિવર્સરી નિમિત્તે, તેમજ શ્રી લત્તાબેન જુઠાણી તરફથી બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું.



# શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૨૯-૧-'૨૫ના રોજ સ્વ.શ્રી ભુપતભાઈ કેશવભાઈ બાંભણિયાની તિથિ નિમિત્તે બાળકોને નાસ્તો તેમજ સ્ટ્રોબેરી ફ્રુટ આપવામાં આવ્યું હતું.
- ૨૯-૧-'૨૫ના રોજ શ્રીમતિ સુશીલાબેન અનંતરાય કામદારના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન-ફરસાણનું ભોજન કરાવ્યું હતું.
- ૨૭-૧-'૨૫ના રોજ માનનીય પ્રમુખ શ્રી ગિરિશભાઈના માતુશ્રી લલીતાબાની તિથિ નિમિત્તે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું.
- ૧-૨-'૨૫ના રોજ સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈની ૫૦મી મેરેજ એનિવર્સરી નિમિત્તે મિષ્ટાન ફરસાણ સાથે, બાળકોને ભોજન કરાવ્યું હતું. જીતુભાઈ તથા તેમના ધર્મપત્નીના હાથે સુખડી કટિંગ કરાવેલ, તેમજ બાળકોએ પુષ્પગુચ્છથી સ્વાગત અને સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યા દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી જીતુભાઈના હસ્તે દીપ પ્રાગટ્ય પણ કરાયું હતું.
- ૨-૨-'૨૫ના રોજ અર્હમ યુવા સેવા ગ્રૂપ દ્વારા બાળકોને નવકાર મંત્ર પ્રાર્થના કરાવી હતી, તેમજ બાળકોને ફ્રૂટ વિતરણ કર્યું હતું.
- ૩-૨-'૨૫ ના રોજ શ્રી વાડીલાલભાઈ ચત્રભુજભાઈ ચોગઠના આત્મશ્રેયાર્થે બાળકોને મિષ્ટાન ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.
- ૪-૨-'૨૫ ના રોજ શ્રી સરલાબેન નિરંજનભાઈ શાહની મેરેજ એનિવર્સરી નિમિત્તે બાળકોને મિષ્ટાન ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.
- ૭-૨-'૨૫ ના રોજ મહેન્દ્રભાઈ વી. વાઘેલાની દીકરીના જન્મદિવસ નિમિત્તે બધાજ બાળકોને નોટબુક અને પેનનું વિતરણ કરાયું હતું.
- ૮-૨-'૨૫ ના રોજ સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહના પુત્ર શ્રી ભાવિનભાઈની મેરેજ એનિવર્સરી નિમિત્તે, તેમજ શ્રી લત્તાબેન જુઠાણી તરફથી બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું.

# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ

✍ ડૉ. ધવલ વ્યાસ



## પાલનપુરની શ્રી પી. કે. મહેતા કોલેજ ઓફ સ્પેશિયલ એજ્યુકેશનના તાલીમાર્થીઓની મુલાકાત

તા. ૧૮-૦૧-૨૦૨૫ના રોજ પાલનપુરની શ્રી પી. કે. મહેતા કોલેજ ઓફ સ્પેશિયલ એજ્યુકેશનના B.Ed.(HI) અને B.Ed.(VI)ના ૧૫ તાલીમાર્થીઓ અને એક ફેકલ્ટીએ આપણી કૉલેજની મુલાકાત લીધી હતી. તેઓના અભ્યાસક્રમમાં આવતા વિશિષ્ટ શાળાની મુલાકાત હેતુથી તેઓએ  સંસ્થાની મુલાકાત લીધી હતી. કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસે તેમને કોલેજના અભ્યાસક્રમો વિશે રસપ્રદ માહિતી આપી હતી. તે દરમિયાન મુલાકાતીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના યોગ્ય જવાબો આપીને તેઓની જીજ્ઞાસા સંતોષી હતી.

## ભાવનગર રેલ્વે ડિવીઝનના કમર્ચારીઓને RPwD Act, 2016 ઉપર તજજ્ઞ વ્યાખ્યાન આપતાં ડો. ધવલ પી. વ્યાસ

સંસ્થાનાં માનદમંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ તા.૨૫-૦૧-૨૦૨૫ના રોજ ભાવનગર રેલ્વે ડિવીઝનની કચેરી ખાતે રેલવેના અધિકારીશ્રીઓ, સ્ટેશન માસ્તરશ્રીઓ, ટીટીઈ, વગેરે થઈ લગભગ ૯૭ કમર્ચારીઓને RPwD Act, 2016ના કાયદા અંતર્ગત ૨૧ પ્રકારની વિકલાંગતાઓ, વિકલાંગ વ્યક્તિઓને મળતા અધિકારો, કાર્ય દરમિયાન સંપર્કમાં આવતાં કોઈપણ વિકલાંગતા ધરાવતાં વ્યક્તિઓને દયા નહીં, પરંતુ સહાનુભૂતિની દ્રષ્ટિએ જોવાનો અભિગમ કેળવવો, વગેરે વિષયોને આવરી લઈને કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસે માહિતીસભર ઓનલાઈન વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનનાં અંતે ડૉ. વ્યાસે ઓનલાઈન જોડાયેલાં શ્રોતાઓમાંથી ઉદભવેલા પ્રશ્નોનાં યોગ્ય સમાધાનો બતાવેલ હતા. ડીસીએમ શ્રી માશુક સાહેબે આભાર વિધિ કરી, કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

## ઘરશાળા PTC કોલેજની મુલાકાત

તા. ૦૧-૦૨-૨૦૨૫ના રોજ ભાવનગરની ઘરશાળા PTC કૉલેજના અંદાજે ૧૦૦ તાલીમાર્થીઓ અને બે ફેકલ્ટીઓએ સંસ્થાની મુલાકાત દરમિયાન શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજને પણ નિહાળી હતી. કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસ દ્વારા મુલાકાતીઓને કોલેજમાં ચાલતા અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની માહિતી આપી, તેમજ આવેલ તાલીમાર્થીઓનાં જાણકારી આધારિત પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપેલ હતાં.

## 5. સંસ્થાનાં વાર્ષિકોત્સવ 'મૌન થનગનાટ' કાર્યક્રમમાં કોલેજની ઘૂમર નૃત્યની પ્રસ્તુતિ

"Hard wrko and Team wrko is always behind the Success" અર્થાત્ " સફળતા પાછળ હંમેશા સખત અને ટીમ વર્ક  હોય છે."

કોઈ પણ સફળ વ્યક્તિના પ્રસંગ, કાર્યક્રમ અથવા ઘટના પાછળ તેના માતા-પિતા , શિક્ષકોનો, મિત્રનો અને સમાજનો ફાળો અગ્રેસર ગણવામાં આવે છે. પરંતુ સફળતા મેળવવા માટે વ્યક્તિ પોતે પણ એટલો જ સક્ષમ તથા ઉદ્યમી હોવો જરૂરી છે. જેની પાછળ તેનો અતૂટ આત્મવિશ્વાસ જવાબદાર હોય છે. તેવી જ રીતે સંસ્થાનાં વાર્ષિકોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાના સૌ ટ્રસ્ટીશ્રીઓ, સ્કૂલ-કૉલેજનાં સૌ આચાર્યશ્રીઓ, તમામ HoDશ્રીઓ, શિક્ષકશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ-તાલીમાર્થીઓનાં પરિશ્રમ અને સહભાગિતા જવાબદાર છે.

સંસ્થા દ્વારા ભવ્ય અને રંગારંગ વાર્ષિકોત્સવ "મૌન થનગનાટ" તા. ૦૯-૦૧-૨૦૨૫ના રોજ ભાવનગરનાં ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમમાં ઉજવવામાં આવ્યો હતો.  આ કાર્યક્રમમાં સંસ્થાના પરિવારનાં સૌ કર્મયોગીઓ, આમંત્રિત મહેમાનો, વાલીઓ, બાળકો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ વાર્ષિકોત્સવમાં શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજના D.Ed.(HI) તથા B.Ed.(HI)ના ૯ તાલીમાર્થી-બહેનો અપેક્ષાબેન, પ્રાર્થનાબેન, કવિતાબેન, બિરવાબેન, દીપિકાબેન, સાનિયાબેન, અંજુબેન, રીંકલબેન, પારુલબેન દ્વારા ઘૂમર નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસના વડપણ હેઠળ આ કૃતિને તૈયાર કરાવવામાં કૉલેજની ફેકલ્ટીઓ શ્રી ધ્રુવીબેન ચાવડા અને શ્રી જ્યોતિબેન મહાજન દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજની ફેકલ્ટી શ્રી મયંકભાઈનાં માર્ગદર્શન હેઠળ, કૉલેજના તાલીમાર્થીઓ દ્વારા ઓડિટોરિયમની બેઠક વ્યવસ્થા, સ્ટેજ ડેકોરેશન, નાસ્તા વિતરણ જેવી કામગીરીઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

આ વાર્ષિકોત્સવના સંસ્મરણો મારી એક મીઠી યાદ બની રહેશે. એના પર જો હું લખવા બેસું તો કંઈ કેટલી પળો ઓછી પડે. અમારી આ મહેનત ફક્ત ૫ મિનિટમાં જ સ્ટેજ ઉપરથી પૂર્ણ થઈ હતી, પરંતુ આ ૫ મિનિટની પ્રસ્તુતિ પાછળ અમારી લગભગ એક મહિનાની મહેનત અને ટીમ વર્ક રંગ લાવ્યું હતું. જીવનમાં આવા અનુભવો, આવી પળો મળવી એ સૌભાગ્યની વાત છે. કેમ કે આવી પળોમાંથી આપણને ઘણું બધું શીખવા, સમજવા અને અનુભવવા મળતું હોય છે.

"Your Success will be determined by your own confidence and fortitude."

- પરમાર પ્રાર્થના એસ.

B.Ed.Spl.Edu.(HI)ની તાલીમાર્થી

બેચ: ૨૦૨૪-૨૬

## બધા દિવ્યાંગ ઉમેદવારો પરીક્ષામાં બેસવા માટે લેખકનો ઉપયોગ કરી શકે છે : સુપ્રીમ કોર્ટ

દેશની સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે બધા દિવ્યાંગ ઉમેદવારો અપંગતાના માનક માપદંડોને પૂર્ણ કર્યા વિના પણ પરીક્ષા લખવા માટે લેખક રાખી શકે છે. ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે 'યોગ્ય અને ન્યાયી' પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી કેન્દ્રની છે. બેન્ચે કહ્યું, 'આ કોર્ટના નિર્દેશોના અનુસંધાનમાં પ્રતિવાદી નંબર ૫ (કેન્દ્ર) દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનો અમલ કરવો જરૂરી છે જેથી પીડબ્લ્યુડી (બેન્ચમાર્ક ડિસેબિલિટી ધરાવતા વ્યક્તિઓ) ઉમેદવારોને ઉપલબ્ધ લાભો, તમામ પીડબ્લ્યુડી (વ્યક્તિઓ) સુધી પહોંચે.' 'વિકલાંગતા ધરાવતા ઉમેદવારો' જેથી તેઓ કોઈપણ અવરોધ વિના પરીક્ષા આપી શકે.

તેથી, કોર્ટે કેન્દ્રને ૧૦ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજના ઓફિસ મેમોરેન્ડમની સમીક્ષા કરવા, પ્રતિબંધો દૂર કરવા અને 'યોગ્ય રીતે' છૂટછાટો આપવાનો નિર્દેશ આપ્યો. સુપ્રીમ કોર્ટે તમામ અધિકારીઓ, ભરતી એજન્સીઓ અને પરીક્ષા સંસ્થાઓને આ સૂચનાઓ આપી છે.

### ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

## શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

### શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક

✍ સૂર્યકાંત ચાવડા



**જાન્યુઆરી-'૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 52 |
| OPD | 284 | ORTHOPEDIC DEPARTMENT | 31 |
| Cataract Surgeries - Free | 53 | CHEST PHYSICIAN | 8 |
| Cataract Surgeries - Paid | 11 | PHYSIOTHERAPY | 49 |
| EYE Retina | 12 | GENERAL OPD | 181 |
| ENT DEPARTMENT | | PSYCHIA TRIC | 24 |
| OPD | 339 | PEDIATRIC | 38 |
| OPERATION - PAID | 3 | SKIN DEPARTMENT | 125 |
| MINOR PROCEDURE | 60 | X-RAY DEPARTMENT | 0 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 121 |
| OPD | 126 | LABORATORY TEST | 268 |
| PROCEDURE | 146 | SONOGRAPHY | 16 |
| MATERNITY | | CAMP | 3 |
| OPD | 19 | PATIENT | 173 |
| DELIVERY | 0 | SHAMJI MAVJI RELIEF | 19 |
| OPERATION | 0 | | |

## વિનામૂલ્યે તપાસ નિદાન કેમ્પ યોજાયો



તા.31/12/'24ના રોજ શ્રી મચ્છુકાઠિયા મોઢ બ્રાહ્મણ જ્ઞાતિની વાડીમા નિઃશુલ્ક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંખ, કાન-નાક-ગળા, તાવ-શરદી-ઉધરસ, ફિઝિયોથેરાપી (કસરત) તપાસ અને નિઃશુલ્ક સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પ દ્વારા ૬૦ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

## મોતીયો ના વિનામૂલ્યે ઓપરેશન માટે નિઃશુલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયા

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર અને શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન તા.૧૯/૦૧/૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ રેડક્રોસ ભવન દિવાનપરા રોડ, ભાવનગર ખાતે કરાયું હતું. જેમાં ડૉ.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૩૦ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૫ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી, લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર ખાતે અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી. આ કેમ્પમા શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલના મંત્રીશ્રી સુર્યકાન્તભાઇ ચાવડા, ટ્રસ્ટીશ્રી કીર્તિભાઇ ગાંધી અને રેડક્રોસ સોસાયટીના પ્રમુખ શ્રી મિલનભાઇ દવે, ઉપપ્રમુખ શ્રી સુમિતભાઇ ઠક્કરે ઉપસ્થિત રહી પ્રોત્સાહક હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં રેડક્રોસ ટીમ તથા લોઢાવાળા હોસ્પિટલ સ્ટાફ અને તેમની વિશાળ ટીમ દ્વારા કેમ્પનું આયોજન કરી સુંદર સુચારુ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

શિશુવિહાર સંસ્થા ખાતે કેમ્પ - ૨ દ્વારા - ગુજરાત સરકાર ના અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત તા.૨૪.૦૧.૨૦૨૫ શુક્રવારે મોતિયાના નિશુલ્ક ઓપરેશન માટે, નિશુલ્ક તપાસ નિદાન કેમ્પ




યોજાયો હતો. યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૩ દર્દીઓની આંખ તપાસ ડૉ શ્રી. હર્ષાબહેન તથા ડૉ.શ્રી ધ્રુવિલભાઈ ની ટીમ દ્વારા કરવામાં આવી હતી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ જરૂરિયાત મંદ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યાં હતાં. દર્દી દેવો ભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮ થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## પ્રજ્ઞાચક્ષુઓનું ગીત

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ !
પણ કલરવની દુનિયા અમારી.
વાટે રખડવાની મોજ છીનવી લીધી,
ને તોય પગરવની દુનિયા અમારી.
કલબલતો થાય જયાં પહેલો પ્હોર
બંધ પોપચામાં રંગોની ભાત !
લોચનની સરહદથી છટકીને રણઝણતું
રૂપ લઈ રસળે શી રાત !
લ્હેકાએ લ્હેકાએ મ્હોરતા અવાજના
વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગ રિસાઈ ગયાં, જાળવતી
નાતો આ સામટી સુગંધ !
સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
અડકયાનો સાચવે સંબંધ !
ટેરવાને તાજી છે ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી !

**- કવિશ્રી ભાનુપ્રસાદ પંડયા**

**સંવાહક : પીયૂષ મુકુન્દ પારાશર્ય**

**M. ૯૮૨૫૧૮૭૦૦૭**

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



## પિકનીક

તા. ૧૩-૧૧-૨૦૨૫ના રોજ N.B. Care & Restraint ખાતે One Day Picnicનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ ફન ગેઈમ્સ તથા રાઈડ્સનો આનંદ માણ્યો હતો તથા D.J. ના સથવારે ફ્રી ડાન્સ કરી બાળકો અતિ રોમાચિંત થયાં હતાં. આ પિકનીકમાં દાતા દ્વારા બાળકો તથા સ્ટાફ માટે ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સ્વરૂચિ ભોજન




સંસ્થાના ભૂતપૂર્વ શિક્ષક શ્રી વીણાબેન દવે તરફથી તા. 24-01-2025ના રોજ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ માટે એક સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ ટ્રસ્ટીશ્રીઓ તથા શિક્ષકો હાજર રહી વીણાબેન સાથેના સંસ્મરણો વાગોળ્યાં હતાં. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ સંસ્થાની શરૂઆતથી આજ સુધીના ઈતિહાસ રજૂ કર્યો હતો.

## યદુનાથજી મહોદયશ્રીની શાળા મુલાકાત

તા. ૨૮-૦૧-૨૦૨૫ના રોજ વૈષ્ણવ હૃદય સમ્રાટ વૈષ્ણવાચાર્ય




૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રીએ સંસ્થા દર્શન કરી બાળકોને આશીર્વચન પાઠવ્યાં હતાં. સંસ્થાના હોસ્ટેલ પ્રોજેક્ટ માટે રૂ. ૧,૧૧,૦૦૦/- ડોનેશન આપેલ તથા હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકોને 'અંકુર' સાથે જોડાવવા આહ્વાન કર્યું હતું.

## જિલ્લા સ્પેશિયલ-ખેલ શાળાની સિદ્ધિ

તા.૬ થી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે, જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા સ્પેશિયલ ખેલ-મહાકુંભ યોજાયો હતો. જેમાં શાળાના ૧૨૨ બાળકોએ વિવિધ એથ્લેટિક્સ તથા ટીમ ગેઈમમાં ભાગ લઈ પોતાના સુંદર પરર્ફોમન્સ કરી જિલ્લા કક્ષાએ અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળાનું નામ ગુંજતું કર્યું હતું.

શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને સંકલન હેઠળ સ્પોર્ટ્સ શિક્ષક શ્રી આસીફખાન પઠાણ, શ્રી ફાતેમાબેન તથા શાળાના શિક્ષકો દ્વારા બાળકોને સતત માર્ગદર્શન અને સખત પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. અભિનંદન ટીમ 'અંકુર'.

# લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ

✍ છાયા જોશી



### આ મહિનામાં લાઈબ્રેરીમાં થયેલ એક્ટિવિટી...

## કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ

૩૫ સ્પેલિંગ એક્ટિવિટી
૩૮ મેથ્સ એક્ટિવિટી
૪૦ ડોટ ટુ ડોટ વિથ કલરિંગ

## સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ, ઓટિઝમ

૧૨ સ્પેલિંગ એક્ટિવિટી
૨૨ મેથ્સ એક્ટિવિટી
૫૦ ડોટ ટુ ડોટ વિથ કલરિંગ

# 1 થી 28 ફેબ્રુઆરી સુધીના દાતાઓની યાદી

## PNR SHAH SOCIETY
## (80-G) Dt. 31-10-24 to 30-11-2024

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Sahiaaru Foundation - Mumbai | 2,00,000 |
| Shri B. K. Parekh Parkinson's Dieases & Movement Disorder Society - Mahuva | 60,000 |
| Shri Harsh Life Science Pvt. Ltd. - Ahmedabad | 11,000 |
| Shri Sharad Pravinbhai Rana - Sihor | 2,100 |
| Shri Mukesh Mahenraprasad Oza - Mumbai | 50,000 |
| M/S. Innerwheel Club Of Bombay | |
| Queen's Necklace Charitable Trust - Mumbai | 2,45,000 |
| Shri Kiritbhai A. Rathod - Bhavnagar | 2,500 |
| Shri Harshadrai Manilal Gandhi - Vallabh Vidhyanagar | 5,000 |
| Shri Rameshbhai U. Ajmera - Mumbai | 10,00,000 |
| Shri Hasmukh K. Parekh - Aldie Va | 10,000 |
| Shri Hemantbhai P. Pandya - Bhavnagar | 5,001 |
| Shri Hemendra Kothari Foundation - Mumbai | 2,50,000 |

### FCRA

| Doner Name | Amount (Rs) |
|---|---|
| PNR-USA Foundation Inc. | 1,758,072 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Mashiyava Sweta Viral - Bhavnagar | 45,000 |
| Late Shri Harshaben N. Ashara - Bhavnagar | 2,600 |
| Shri Kaushal Harshavadanbhai Mehta - Bhavnagar | 1,500 |
| Shri Dilipkumar Krupashankar Dave - Junagadh | 11,000 |
| Shri Vinaben Jitendrabhai Shah - Bhavnagar | 6,500 |
| Late Subhadraben Jasvantray Gandhi - Bhavnagar | 1,000 |
| Shri Hari Satsang Seva Trust - Kundal | 2,00,000 |
| Shri Mukeshbhai Oza - Mumbai | 50,000 |
| Shri Ullhas Chandrakant Paymaster - Mumbai | 50,000 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Meetbhai - Bhavnagar | 3,501 |
| Late Iraben Janakbhai - Bhavnagar | 5,600 |
| Shri Sumatibhai Ramnikbhai Nanavati - Talaja | 6,000 |
| Shri Rotary Community & Medi Reserch Centre - Jamnagar | 15,000 |
| Shri Pushpaben Pradyumanbhai Bhatt - Bhavnagar | 2800 |
| Shri Nikitaben Shah - Bhavnagar | 15,000 |
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Ushaben Jivrajbhai Kakadiya - Junagadh | 5,000 |
| Shri Yogeshbhai K. Desai - Bhavnagar | 1,000 |
| M/S. Swastik Association - Bhavnagar | 6,000 |
| Shri Rupaben Rajenbhai Tamboli - Bhavnagar | 20,000 |
| Shri Kusumben Navinchandra Shah - Bhavnagar | 1,65,000 |
| Shri Valia Shubh Trust - Mumbai | 5,001 |
| Shri Mahuva Refinery - Bhavnagar | 1,000 |
| Dr. Shri Hardikbhai Khatri - Bhavnagar | 1,760 |
| Late Shri Margi Maniyar - Bhavnagar | 6,000 |
| Shri Shashiprabha Sukhdev Lala - Bhavnagar | 20,000 |
| Shri Rotary Club Of Raigarh Royal - Raigarh | 35,000 |
| Shri Jasvantray Premchand Shah - Bhavnagar | 15,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Prakash Tulsidas Gandhi - Mumbai | 5,00,000 |
| Shri Pushti Pariwar - Ahmedabad | 1,11,000 |

- Shri Sejal Vijaykumar Parikh - Mumbai 1,00,000
- Shri Rajesh Gunvantray Patira - Hydrabad 1,00,000
- Krishnakeshav Laboratories Ltd. - Ahmedabad 1,00,000
- Well Wisher - Bhavnagar 53,000
- Shri Vijay Jaysukhlal Doshi - Bhavnagar 51,000
- Shri Gulabben Karshanbhai Patel - Tarsadi 50,000
- Shri Divya Naresh Nihalani - Bhavnagar 35,000
- Shri Gargi Shukla - Bhavnagar 35,000
- Late Shri Sangeetaben Ketanbhai Doshi - Baroda 25,000
- Shri Meghaben Ujjval Pandya - Mangrol 25,000
- Shri Sadiqali L. Laxmidhar - Rajkot 24,000
- Shri Chetan Pandya - Bhavnagar 22,000
- Mrs. Shashiprabha - Bhavnagar 20,000
- Shri Pranav S. Mehta - Bhavnagar 13,500
- Shri Komal Chirag Dalal - Bhavnagar 11,000
- Shri Maltiben Dilipbhai Shah - Mumbai 11,000
- Shri Rashmikant L. Sakarvadiya - Bhavnagar 11,000
- Shri Dhvani Prathamesh Shah - Bhavnagar 10,500
- Shri Bharatbhai L. Vora - Surat 10,000
- Shri Jwalant Madlani - Morbi 7,000
- Dr. Dilipkumar Ratilal Shah - Mumbai 7,000
- Shri Umayaben Mansukhlal Doshi - Palghar 6,000
- Shri Vinukumar Sachaniya - Bhavnagar 5,308
- Shri Bharatbhai Bhikhabhai Roy - Bhavnagar 5,100
- Shri Kalpana Haresh Mody - Bhavnagar 5,001
- Shri Vinod Amratlal Shah - Mumbai 5,000
- Shri Nehalben R. Gadhavi - Bhavnagar 5,000
- Shri Mandaben Kantilal Bhayani - Mumbai 5,000
- Shri Punitbhai Navnitbhai Rathod - Bhavnagar 5,000
- Shri Anakbhai Harkat - Bhavnagar 5,000
- Shri Kishorbhai Laxmichand Parikh - Bhavnagar 5,000
- Shri Kishor Balchand Shah - Thane 5,000
- Shri Pankajbhai Ghetiya - Rajkot 3,500
- Shri Rajesh B. Shah - Thane 3,500
- Shri Nisha Jamba - Bhavnagar 3,500
- Shri Ujali Sabu Bhandar - Talaja 3,500
- Shri Rajeshbhai Ashokbhai - Bhavnagar 2,501
- Shri Linaben Rameshkumar Vaghela - Talaja 2,500
- Shri Chirag Chimanbhai Koshiya - Bhavnagar 2,500
- Shri Jai Shri Krishna - Baroda 2,200
- Shri Dipendra Kantilal Shah - Puna 2,100
- Shri Ghanshyambhai Nandlalbhai Makwana - Bhavnagar 2,100
- Shri Sanjaybhai Mehta - Rajkot 1,500
- Shri Minal Nareshbhai Rathod - Bhavnagar 1,500
- Shri Krishna Sharnamamah - Bhavnagar 1,111
- One Vaishnav - Mumbai 1,100
- Late Shri Subhadraben Jaswantrai Gandhi - Bhavnagar 1,000
- Shri Harshnil Mahendrasinh Gohil - Bhavnagar 1,000
- Shri Aniket Prakashbhai - Bhavnagar 1,000
- Shri Alfaz Unusbhai Kadgoriya - Bhavnagar 1,000
- Shri Dharmesh Rajubhai Parmar - Bhavnagar 1,000
- Shri Devang Chudasama - Bhavnagar 1,000
- Shri Parth Mansukhbhai Golani - Bhavnagar 1,000
- Shri Jankiben Subhasbhai Mehta - Bhavnagar 1,000

## BHAVNAGAR NAVJAWAN SANGH
## V. C. Lodhawala &
## Pratapbhai Parekh Ploycinic

Doner Name — Amount (Rs)

- Shri D. K. Ajmera Foundation Trust - Mumbai 3,00,000
- Shri Bhupatrai K. Ajmera - Mumbai 50,000
- Shri Bhupatbhai K. Ajmera - Mumbai 50,000
- Shri D. K. Ajmera Foundation Trust - Mumbai 50,000
- Shri Chimanlal P. Hakani - Mumbai 25,000
- Chemicon Chemical Industries Pvt. Ltd. - PalGhar 1,00,000

# PNR તસ્વીર સમાચાર



અમેરિકા સ્થિત શ્રી નયનભાઈ દલાલ અને શ્રી તોરલબેન મહેતા કાર્યક્રમમાં



શ્રી કે.એન. શાહ હાઈટેક ઈન્ક્લુઝિવ સ્કૂલના ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ



પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપમાં આંખની તપાસનો કેમ્પ



દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27 | Monthly Date Of Publication : 15 March 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com